Extra No. 159

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 6, 2026 / ASHADHA 15, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખઃ ૧૯મી મે, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીઆર/૨૦૨૬/૩૫/એલઈડી/જીએએસ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૫/૨૧૩૫/એમ-૩.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Rules, 2020

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) નિયમો, ૨૦૨૦ સુધારવા સંબંધી

જાહેરનામું

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી મે, ૨૦૨૬

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯.

ક્રમાંક: જીઆર/૨૦૨૬/૩૫/એલઈડી/જીએએસ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૫/૨૧૩૫/એમ-૩:- ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ગુજરાતના ૪-થા)ની કલમ ૩૯ હેઠળ બહાર પાડવા ધારેલો નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૩૯ની પેટા-કલમ (૨)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ નિયમોનો મુસદ્દો વિચારણામાં લેશે.

ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી નાયબ સચિવ (શ્રમ), શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, બ્લોક નંબર.-૫, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર-ને અથવા ઈ-મેઈલ આઈડી (e-mail id): ds-labour-led@gujarat.gov.in મારફત જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯.

ક્રમાંક: જીઆર/૨૦૨૬/૩૫/એલઈડી/જીએએસ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૫/૨૧૩૫/એમ-૩:- ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ગુજરાતના ૪-થા)ની કલમ ૩૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) નિયમો, ૨૦૨૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) નિયમો, ૨૦૨૦ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૧-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"રાતપાળીમાં મહિલાઓને કામે રાખવા માટેની શરતો:-

આ અધિનિયમ જેને લાગુ પડતો હોય તેવી કોઈપણ દુકાન અથવા સંસ્થા અથવા માલિકોનો કોઈપણ વર્ગ, નીચેની શરતોને અધીન રહીને, સાંજના ૯:૦૦ વાગ્યાથી સવારના ૬:૦૦ વાગ્યા સુધી મહિલા કામદારોને કામે રાખી શકશે:-

(૧) રાત્રી દરમિયાન કામ કરવા ઈચ્છતી મહિલા કામદારોની લેખિત સંમતિ નમૂના ૮-માં લેવી જોઈશે;

(૨) ઓછામાં ઓછી ત્રણ મહિલા કામદારો હોવી જોઈશે, જેમાં સ્થળ પરના મહિલા માલિક, કોઈ હોય, તો તેણીનો સમાવેશ થઈ શકશે;

(૩) મહિલા કામદારોને તેમના નિવાસસ્થાને અથવા નિવાસસ્થાનની નજીક લાવવા-લઈ જવા માટે GPS (ગ્લોબલ પોઝિશનિંગ) ટ્રેકિંગ સિસ્ટમ સાથેની પૂરતી પરિવહન સુવિધાઓ પૂરી પાડવી જોઈશે;

(૪) સંસ્થાએ, સીધી રીતે કે સેવા પૂરી પાડનાર મારફત કામે રાખેલા રાત્રી પરિવહન માટેના વાહનના દરેક ડ્રાઇવરનો બાયો-ડેટા અને પોલીસ ખરાઇ મેળવવા જોઇશે;

(૫) માલિકે, જ્યાં આવી મહિલા કામદારોને કામે રાખવામાં આવી હોય તેવા કાર્યસ્થળની નજીક આવી (શૌચાલયની) સુવિધા તરફ અવર-જવરના રસ્તા સહિત ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) સર્વેલન્સ અને યોગ્ય લાઇટિંગ (વીજળી)ની વ્યવસ્થા ધરાવતા શૌચાલય અથવા વોશરૂમની અને પીવાના પાણીની સુવિધાઓ પૂરી પાડવી જોઇશે;

(૬) કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ બાબત) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૧૪-મા)ની જોગવાઇઓ સંસ્થાને લાગુ પડશે અને (સંસ્થાએ) આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર તેનું પાલન કરવું જોઇશે;

(૭) રાત્રી દરમિયાન મહિલા કામદારોને કામે રાખનાર કોઇપણ માલિકે, સંબંધિત ઇન્સ્પેક્ટર (નિરીક્ષક)ને નમૂના-૮૧-માં એક સ્વ-એકરાર રજૂ કરવો જોઇશે કે તેણે/તેણીએ અધિનિયમ અનુસાર તમામ સુવિધાઓ પૂરી પાડી છે અને તે/તેણી, મહિલા કામદારોની સલામતી, સુરક્ષા અને ગૌરવને લગતી પૂરતી સંભાળ અને કાળજી લેશે.

(૮) કોઇપણ સગીરને રાત્રી દરમિયાન કોઇપણ સંસ્થામાં કામદાર તરીકે અથવા અન્યથા કામ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

(૯) કોઇપણ સંસ્થા ઉપરની શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જાય, તો તે, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૨૯ હેઠળ દંડને પાત્ર થશે.”.

૩. સદરહુ નિયમોમાં, નમૂના-૮ પછી, નીચેનો નમૂનો-૮૧ દાખલ કરવો:-

નમૂનો-૮૧

(જુઓ નિયમ ૧૧)

સ્વ-એકરાર

પ્રમાણિત કરવામાં આવે છે કે મે/અમે ....., ... ખાતે ..... જિલ્લામાં આવેલી ..... રજિસ્ટ્રેશન નંબર ધરાવતી મેસર્સ .....-ના માલિકે, મારી/અમારી દુકાન અથવા વેપારી સંસ્થામાં રાત્રી દરમિયાન મહિલા કામદારોને કામે રાખવા માટે ગુજરાત સરકારે ઠરાવેલી તમામ શરતોનું પાલન કર્યું છે.

વધુમાં, પ્રમાણિત કરવામાં આવે છે કે કોઇપણ મહિલા કામદારને તેણીની લેખિત સંમતિ વિના મારી/અમારી સંસ્થામાં રાત્રી દરમિયાન કામે રાખેલ નથી.

હું/અમે, મારા/અમારા સંકુલમાં કામ કરતી મહિલાઓની સલામતીને ધ્યાનમાં લઇને, મહિલા શૌચાલય, સલામત પરિવહન સુવિધા, સલામતીની દેખરેખના પગલાં જેવી આવશ્યક સુવિધાઓ પૂરી પાડીશ/પાડીશું.

હું/અમે વખતોવખત અમલમાં હોય તેવા મજૂર કાયદા, નિયમો, મજૂર કાયદા હેઠળની કોઇપણ મજૂર કોર્ટ અથવા/અને સક્ષમ સત્તામંડળના હુકમ મુજબ સદરહુ ધંધો કરું છું/કરીએ છીએ.

મે/અમે, આ ધંધાના કામકાજ માટે અને ધંધાના સ્થળ માટે સમુચિત સત્તામંડળ પાસેથી મજૂર કાયદા સંબંધિત જરૂરી લાઇસન્સ, પરવાનગી, પરમિટ મેળવેલ છે. હું /અમે, સમુચિત સત્તામંડળ પાસેથી મજૂર કાયદા સંબંધિત યોગ્ય લાઇસન્સ, પરવાનગી, પરમિટ વગર ધંધાનું કામકાજ કરવામાં આવે, તો કાનૂની કાર્યવાહી માટે જવાબદાર અને પાત્ર ઠરીશ/ઠરીશું.

હું/અમે જાણું છું/જાણીએ છીએ અને જાહેર કરું છું/કરીએ છીએ કે ઉપર જણાવેલી કોઇપણ બાબત અથવા માહિતી ખોટી, બનાવટી અથવા ખોટી રીતે રજૂ કરેલી જણાય, તો હું/અમે, લાગુ પડતા અધિનિયમો અને નિયમો મુજબ કાનૂની કાર્યવાહીને પાત્ર થઇશ/થઇશું.

હું/અમે ઉપરનો એકરાર રજૂ કરવા અધિકૃત વ્યક્તિ(ઓ) છું/છીએ જે (એકરાર) મારી/અમારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચો છે.

માલિકની સહી

નામ:

મોબાઈલ નંબર.

ઈ-મેઈલ આઈડી.

તારીખ:

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પૂજા ઉપાધ્યાય,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.22 21:42:28 IST